*AAB-009-001412*

# AAB-009-001412

Seat No. ________

## B. R. S. (CBCS) (Sem. - IV) Examination

**March / April – 2016**

## Agronomy : Agro - 402

## (Core - 10) (New Course)

**Faculty Code : 009**
**Subject Code : 001412**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

૧ યોગ્ય વિકલ્પ પસંદ કરો. ૨૦

(૧) ક્ષેત્ર વ્યવસ્થાપકની નિમણૂક સામાન્ય રીતે કયાં ક્ષેત્રો ઉપર કરવામાં આવતી નથી ?

(A) ખાનગી ક્ષેત્રો (B) સરકારી ક્ષેત્રો

(C) કૌટુંબિક ક્ષેત્રો (D) સંસ્થાગત ક્ષેત્રો

(૨) ભારતમાં મોટાભાગની ખેતી કયા પ્રકારની ખેતમજૂરી દ્વારા થાય છે ?

(A) કૌટુંબિક મજૂરી (B) ક્ષેત્ર વ્યવસ્થાપકની મજૂરી

(C) ભાડૂતી મજૂરી (D) એક પણ નહીં

(૩) કુશળ મજૂરનું વેતન બિનકુશળ મજૂરના વેતનની સરખામણીએ કેવું હોય છે?

(A) ઓછું (B) સરખું

(C) વધારે (D) એકેય નહીં

(૪) નીચેનામાંથી કયું કાર્ય કુશળ મજૂરનું ગણવામાં આવે છે ?

(A) નિંદામણ કરવું (B) ટ્રેક્ટર ચલાવવું

(C) ખાતર આપવું (D) પિયત આપવું

(૫) નીચેનામાંથી કયા ખર્ચનો સમાવેશ આવર્તક મૂડીમાં કરાતો નથી ?

(A) જમીન મહેસૂલ (B) ઘસારા ખર્ચ

(C) ભાડા ખર્ચ (D) જમીન સુધારણા

(૬) નીચેનામાંથી કયું ખેતરના ઈતિહાસનું પત્રક છે ?

(A) મકાન પત્રક (B) ખેતરનો નકશો

(C) હાજરી પત્રક (D) એકેય નહીં

(૭) ઊંચા જીવનધોરણવાળા વિસ્તારમાં ખેતમજૂરના વેતનદર કેવા હોય છે ?

(A) નીચા (B) ઊંચા

(C) સરખા (D) એકેય નહીં

(૮) નીચેનામાંથી કયું હિસાબી પત્રક નથી ?

(A) આવરો (B) રોકડમેળ

(C) ખાતાવહી (D) ફળઝાડ પત્રક

(૯) વર્ષ દરમિયાન કામના મળેલા કુલ દિવસોમાંથી કેટલા દિવસો ખેતીક્ષેત્રે રોકાયેલ હોય તેને ખેતમજૂર કહેવાય ?

(A) ચોથા ભાગના (B) ત્રીજા ભાગના

(C) અડધા ભાગના (D) અડધાથી વધારે

(૧૦) તારની વાડ બનાવવાનો ખર્ચ મૂડીના કયા પ્રકારમાં ગણશો ?

(A) આવર્તક મૂડી (B) અનાવર્તક મૂડી

(C) જોખમી મૂડી (D) એકેય નહીં

(૧૧) નીચેનામાંથી કઈ મજૂરની કાર્યશક્તિ વધારવાની પદ્ધતિ નથી ?

(A) ખેતમજૂરની તાલીમ (B) ખેતમજૂર પર દેખરેખ

(C) ખેતમજૂરની જાતિ (D) સામાજિક સગવડ

(૧૨) ખેતમજૂરના વેતનદરને અસર કરતું પરિબળ નથી.

(A) મજૂરોનું સંગઠન (B) ઔદ્યોગિક શહેરનું સાંનિધ્ય

(C) જીવનધોરણ (D) તંદુરસ્તી અને બાંધો

(૧૩) કયા પ્રકારનો ખર્ચ આવર્તક મૂડીમાં ગણાતો નથી ?

(A) બિયારણની ખરીદી (B) ખાતરની ખરીદી

(C) પગારનો ખર્ચ (D) બળદની ખરીદી

(૧૪) કઈ ખેતમજૂરની કાર્યશક્તિ વધારવાની પદ્ધતિ છે ?

(A) મજૂરની જાતિ (B) મજૂરનું જીવનધોરણ

(C) મજૂરને તાલીમ (D) મજૂરનું સંગઠન

(૧૫) નીચેનામાંથી કયો ખેતમજૂરીનો પ્રકાર નથી ?

(A) વ્યવસ્થાપકની મજૂરી (B) કૌટુંબિક મજૂરી

(C) ભાડૂતી મજૂરી (D) મૂડીવાદી મજૂરી

(૧૬) કયા પ્રકારની ખેતીમાં કુટુંબના સભ્યો ભાડૂતી મજૂરો સાથે કામ કરે છે ?

(A) ગણોતિયા ખેતી (B) મૂડીવાદી ખેતી

(C) સરકારી ખેતી (D) કૌટુંબિક ખેતી

(૧૭) ક્ષેત્રની કુલ આવકના કેટલા ટકાથી વધારે ખર્ચ મજૂરી પાછળ થતો હોય છે ?

(A) ૨૦ % (B) ૩૦ %

(C) ૪૦ % (D) ૭૦ %

(૧૮) નીચેનામાંથી કયો ખર્ચ અનાવર્તક મૂડીમાં કરાતો નથી ?

(A) જમીન સુધારણા (B) ઓજારની ખરીદી

(C) ખાતર (D) તારની વાડ

(૧૯) કયા પત્રકનો પશુધન દફતરમાં સમાવેશ થતો નથી ?

(A) હવામાન પત્રક (B) પશુની હાજરીપત્રક

(C) પશુ નોંધવહી (D) જન્મ પત્રક

(૨૦) નીચેનામાંથી કયું ઉત્પાદનનું અંગ નથી ?

(A) જમીન (B) મજૂર

(C) મૂડી (D) વેચાણ

૨ ખેતમજૂરની કાર્યશક્તિ વધારવાની પદ્ધતિઓને વિસ્તારથી સમજાવો. ૧૦

૩ આવર્તક મૂડીમાં થતા ખર્ચની વિગતે જાણકારી આપો. ૧૦

**અથવા**

૩ ક્ષેત્ર દફતરો / નોંધપત્રકોનું વર્ગીકરણ વિગતે કરો. ૧૦

૪ પાક યોજના એટલે શું ? આદર્શ પાક યોજના બનાવવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ જણાવો. ૧૦

**અથવા**

૪ ક્ષેત્ર દફતરો અથવા નોંધપત્રકો રાખવાના ફાયદાઓ જણાવો. ૧૦

૫ માગ્યા પ્રમાણે લખો. (કોઈપણ બે) ૧૦

(૧) અનાવર્તક મૂડી વિશે નોંધ લખો.

(૨) મજૂરની કાર્યશક્તિની વ્યાખ્યા જણાવી તેને અસર કરતાં પરિબળો વિશે લખો.

(૩) મૂડીની જરૂરિયાત નક્કી કરવા ધ્યાનમાં લેવાની બાબતો જણાવો.

૬ ખેતમજૂરની વ્યાખ્યા લખી, ખેતમજૂરીના દરને અસર કરતાં પરિબળોને વિસ્તૃત રીતે લખો. ૧૦